**એડીશનલ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, કઠલાલ**
**૦-૦-૦-૦૦-૦-૦-૦-૦-૦-૦-૦--૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦**

<u>ફોજદારી કેસ નં.૯૦૩/૨૦૨૨</u>

**<u>આરોપી નં.૧ અને ૨નાઓની આંક-૬ અને આંક-૭ વાળી પ્લીને લગત સંયુકત હુકમ</u>**

આરોપીઓ સામે ધી પશુ સંરક્ષણ અધિનિયમની ૧૯૫૪ની કલમ-૫, ૯, ૧૦ તથા ધી પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૧૯૬૦ની કલમ-૧૧(૧)(એ),(ડી),(ઈ),(એફ), (એચ) મુજબના ગુન્હાઓનો આક્ષેપ છે. જેના કામે સમન્સ બજી જતા આરોપી નં.૧ અને ૨ વાળા હાજર થતા તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો આપવામાં આવેલી અને આરોપીઓની આંક-૬ અને આંક-૭ થી પ્લી લેવામાં આવેલ અને આરોપીઓ આક્ષેપોનો સ્વેચ્છાએ સ્વીકાર કરે છે. આરોપીઓ સામે આ પ્રથમ કેસ હોય અને તેઓની વિરૂધ્ધ અગાઉની દોષસિધ્ધિનો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી. વધુમાં આરોપીઓએ આંક-૮ થી ''નો-કલેઈમ'' પુરસીસ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, કબજે કરેલ મુદ્દામાલ બાબતે કોઈ કલેઈમ કરશે નહીં તથા આંક-૯ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે. તેથી આ કામના આરોપીઓને તેઓની ગુનાની કબુલાતના આધારે ગુનેગાર ઠરાવવામાં આવે છે. આરોપીઓએ ગરીબ માણસ હોય સજા અંગે કોર્ટ સમક્ષ દયાની માંગણી કરે છે. ઉપરોકત કેસના સંજોગો લક્ષમાં લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: <u>હુકમ</u> :-

આ કામના આરોપી નં.૧ મકસુદભાઈ અલ્લારખા મુલતાણી અને આરોપી નં.૨ સોએફભાઈ માનસા મુલતાણીનાઓને ક્રિ. પ્રો.કો.ક. ૨૫૨ મુજબ ધી પશુ સંરક્ષણ અધિનિયમની ૧૯૫૪ની કલમ-૫, ૯, ૧૦ તથા ધી પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૧૯૬૦ની કલમ-૧૧(૧)(એ),(ડી),(ઈ),(એફ), (એચ) ના ગુના માટે દોષિત ઠરાવવામાં આવે છે.

દરેક આરોપીને રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા)નો દંડ મળી કુલ રૂા.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો ૭ દિવસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૯-૦૫-૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:-કઠલાલ.
તા.૦૯-૦૫-૨૦૨૩

(મોહંમદ ફરહાદ સલીમ લોહિયા)
એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કઠલાલ.
કોડ નં.જી.જે.૦૧૬૭૬